 ISSN: 2349-6002

# 'છ વીઘા જમીન' નવલકથામાં સામાજિક અભિગમ

ડૉ. આરતી સોલંકી
*આસિસ્ટન્ટ પ્રોફેસર, ગોપીનાથજી મહિલા આર્ટ્સ કોલેજ, સિહોર*

**શોધપત્રનો સારાંશ- 'છ વીઘા જમીન' એ ઉડિયા ભાષાની શ્રેષ્ઠ નવલકથા છે. આ નવલકથામાં લેખકે માનવતાવાદી અભિગમની સાથે સાથે સામાજિક અભિગમ પણ દાખવ્યો છે. સમાજની અંદર જીવતા સારાં અને નરસા બન્ને પાત્રો અહીંયા આલેખન પામ્યા છે. એકબાજુ ચંપા અને મંગરાજ જેવા ક્રૂર પાત્રો છે તો બીજી બાજુ તેની સામા છેડાનાં ભગિયા અને સારીયા જેવા ભલા-ભોળા અને નિર્દોષ પાત્રો પણ છે. આ તમામ પાત્રો મારફત લેખક આપણને સમાજનું એક વાસ્તવિક ચિત્ર આપે છે. ઉડિયા સમાજના રીતિરીવાજો, પરંપરાઓ અને માન્યતાઓનું પણ અહીં આલેખન થયેલું છે. નવલકથાના અંતે દરેક પાત્રને પોતાના કર્મોનું ફળ મળે છે. એના દ્વારા લેખક સમજાવે છે કે જેવું કાર્ય આપણે કરીશું તેવું જ પરિણામ આપણને મળશે. અંતમાં જ્યારે મંગરાજને છોડાવવા માટે તેમનો વકીલ આવે છે ત્યારે તે વકીલ પણ એવી શરત મૂકે છે કે મંગરાજે અત્યારે તેમની જમીન વકીલના નામે કરી આપવી. જે રીતે મંગરાજે બીજાની જમીન ઝુંટવી લીધેલી એવી જ રીતે અંતે તેની જમીન પણ વકીલ ઝુંટવી લે છે. અહીં લેખકને એવું અભિપ્રેત છે કે એ જમીનદારી અને શોષણખોરીનો ક્યારેય અંત આવવાનો જ નથી. સમાજમાં રહેલું સદ અને અસદ બન્ને લેખક આ નવલકથામાં આંગળી ચીંધીને બતાવે છે.**

**મહત્વના શબ્દો: સામાજિક અભિગમ, શોષણખોરી, માનવતાવાદી, જમીનદારી, રીતિરીવાજો... વગેરે**

**• મુખ્ય સંશોધનલેખ**

કોઈપણ પ્રકારનું સાહિત્ય એ તેના સમયના સમાજનું એક વાસ્તવિક ચિત્ર આપવા માટે સમર્થ હોય છે. સાહિત્ય એ સમાજનો આયનો છે. સમાજના રીતિરિવાજો, માન્યતાઓ, પરંપરાઓ, સંસ્કૃતિ અને સામાજિક મૂલ્યોને લોકો સમક્ષ પ્રકાશમાં લાવવાનું કામ સાહિત્ય કરે છે. અહીંયા 'છ વીઘા જમીન' નવલકથાને સામાજિક અને સાંસ્કૃતિક અભિગમથી તપાસવાનો આશય છે.

આ નવલકથાના સર્જક વિશે આરંભે થોડું જાણી લઈએ. આ નવલકથાના સર્જક છે ફકીર મોહન સેનાપતિ. ઓરિસ્સાના 'વ્યાસ' તરીકે પ્રખ્યાત ફકીર મોહન સેનાપતિ ઓરિસ્સાના બાલાસોરના મલ્લિકાશપુરમાં જન્મ્યા હતા. તે ઉડિયા સાહિત્યમાં અર્વાચીન યુગના સ્થાપક, ઉત્તમ નવલકથાકાર અને વાર્તાકાર છે. ઉડિયા ટૂંકીવાર્તાનો પ્રારંભ તેમણે કર્યો હતો. કેટલાકના મતે તેમની 'રેવતી' વાર્તા ભારતીય ભાષાની પહેલી ટૂંકીવાર્તા ગણાય છે. તેમણે વીસ વાર્તાસંગ્રહ આપ્યા છે. આદિજાતિના જીવન અંગે ઊર્મિકાવ્ય રચનાર તેઓ ઓરિસ્સાના પ્રથમ કવિ હતા. તેમણે ઉડિયા સાહિત્યની તમામ વિધાઓમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે. પરંતુ ઉર્દુ નવલકથાના પિતા તરીકે તેઓ હંમેશા યાદ રહેશે. તેમની આ નવલકથા ઉડિયા સાહિત્યની સૌપ્રથમ નવલકથા નથી પણ શિલ્પકળાની દ્રષ્ટિએ આ પ્રથમ સાર્થક નવલકથા ગણાય છે. ફકીર મોહન લિખિત ચાર નવલકથાઓમાં આ સર્વશ્રેષ્ઠ છે. તેઓ ૫૫ વર્ષના હતા ત્યારે આ નવલકથા લખી હતી. ફકીર મોહનની ઓગણીસમી સદીના છેલ્લા દસકામાં રચાયેલી આ નવલકથા એકવીસમી સદીમાં પણ એટલી જ પ્રસ્તુત છે. તેનું કારણ ફકીર મોહનની દીર્ઘદ્રષ્ટિ અને પ્રગતિવાદી વિચારધારા છે. તેમણે પોતાની નવલકથાઓમાં ઓરિસ્સાની તે વખતની સામાજિક વ્યવસ્થાની રૂપરેખા આપવાની સાથે ભારતની વિશેષ કરીને ઓરિસ્સાની સ્પષ્ટરૂપ રેખા આપી છે. જે એકવીસમી સદીમાં પણ એટલી જ પ્રસ્તુત છે.

ફકીર મોહન સેનાપતિએ ઔપચારિક શિક્ષણ લીધું ન હતું. તેનો અર્થ એવો નથી કે તેઓ નિરક્ષર હતા. ઘેર બેઠા બેઠા તેમણે ભારતીય સાહિત્ય-ચિંતનનો ખાસ્સો અભ્યાસ કર્યો હતો. બીજા શબ્દોમાં કહીએ તો ભારતીય સાંસ્કૃતિક પરંપરાઓને તેમણે આત્મસાત કરી હતી અને તેનો લાભ તેમની નવલકથાઓને પણ મળે છે. એ જો ન થયું હોત તો આ નવલકથા પ્રભાવક બની શકી ન હોત. વળી અહીં વ્યાસપીઠ ઉપર બેસીને પ્રજાના વિશાળ સમુહથી અળગા પડી જઈને પાંડિત્યસભર શૈલીમાં સર્જન કરવામાં આવ્યું નથી. અહીં જોવા મળતી સહજતા, સરળતા પાછળ સર્જનમાત્રમાં જોવા મળતી સંદિગ્ધતા છે એ કહેવાની તો ભાગ્ય જ જરૂર પડે.

ઉડિયા સાહિત્યની આ ક્રાંતિકારી નવલકથા 'છ વીઘા જમીન' નો અનુવાદ મૂળ ઉડિયા ભાષામાંથી જ કરવામાં

 ISSN: 2349-6002

આવ્યો છે. રેણુકા સોનીએ આ નવલકથાનો અનુવાદ કર્યો છે. આ નવલકથા 'ઉત્કલ સાહિત્ય પત્રિકા'માં ધારાવાહિક સ્વરૂપે ઇ.સ. ૧૮૯૭ થી ૧૮૯૯ દરમિયાન પ્રકાશિત થઈ હતી અને ૧૯૦૨ માં પુસ્તકાકારે બહાર પડી. પુસ્તક છપાતું હશે ત્યારે ફકીર મોહને તેમાં કંઈક સુધારા વધારા કર્યા હશે કેમકે જ્યારે તે ધારાવાહિક સ્વરૂપે આવતી હતી ત્યારે પ્રકરણના શીર્ષકો નહોતાં. પછી તે પ્રકરણોમાં શીર્ષક અપાયું.

ભારતને ખેતીપ્રધાન દેશ ગણાવાય છે. સાહિત્ય સમાજનો આયનો હોય તો સાહિત્યમાં ખેડૂત નાયક- નાયિકા કેટલા? ખેડૂતને આલેખતી ફિલ્મો કેટલી? ગાંધીજીના આગમન પહેલા પ્રેમચંદજી, પન્નાલાલ પટેલ, ફણીશ્વરનાથ રેણુની નવલકથાઓ યાદ આવે. વીસમી સદીના ઉત્તરાર્ધની આ નવલકથાઓ સામે ઓગણીસમી સદીની 'છ વીઘા જમીન' મૂકીએ તો ખ્યાલ આવશે કે ફકીર મોહન સેનાપતિએ સશક્ત દિશાસંકેત પૂરો પાડેલો.

કાલિંદીચરણ પાણિગ્રહી આ નવલકથા વિશે કહે છે, 'આ વાર્તાની ભૂમિકા, એની ભાષા અને એમાં દોરેલા રેખાચિત્રો એ બધાના મૂળ દેશની ધરતીમાં ખૂબ ઊંડે સુધી પહોચી ગયેલા છે.' આ નવલકથામાં જે મુખ્ય ગામની વાત આવે છે તે ગોવિંદપુર ગામ છે. આ ગોવિંદપુર ગામ ત્રણ વિભાગમાં વહેચાયેલું હતું. બ્રાહ્મણ,વણકર અને જમીનદારવાસ. બ્રાહ્મણવાસનું નામ 'શાસન' હતું. આ નવલકથામાં એક રીતે જોઈએ તો જમીનદારો દ્વારા થતું સામાન્ય માણસનું શોષણ જ કેન્દ્રસ્થાને છે.

આ નવલકથામાં ધનવાન અને જમીનદાર બનેલા રામચંદ્ર મંગરાજનું ચિત્ર આપવામાં આવ્યું છે. પાછળથી એમના ભૂતકાળમાં લઇ જવામાં આવે છે. ખેત-મજૂરોનું, વેઠીયાઓનું ખેડૂતોનું શોષણ કેન્દ્રમાં છે. વાર્તાનું વસ્તુ અપરિચિત નથી; જમીનદારો દ્વારા થતું ગરીબોનું આવું ચિત્ર અતિરંજિત બની શકે છે. તેનું આલેખન વર્ગ સંઘર્ષ સુધી વિસ્તરી શકે, પાત્રો વૈયક્તિક ન રહેતા પ્રતિનિધિરૂપ બની જાય, સર્જક આ સમસ્યાનો નિકાલ પોતાની સર્ગશક્તિ દ્વારા જ લાવી શકે. અહીં ફકીર મોહન સેનાપતિએ જે પ્રયુક્તિઓ અપનાવી છે તે આ સર્ગશક્તિની પ્રતીતિ કરાવે છે. તો આ પ્રયુક્તિઓ કયા પ્રકારની છે? એક પ્રયુક્તિ સમગ્ર કૃતિમાં વ્યાજસ્તુતિપ્રધાન શૈલીને લગતી છે. આ અલંકાર સર્જકને પોતાની બધી જ સામગ્રી, ઘટના, પાત્રો, માહિતી વગેરેને નર્મ મર્મ કટાક્ષ દ્વારા વ્યક્ત કરવાની સ્વતંત્રતા આપે છે. આના પરિણામે સામગ્રી પ્રત્યે કથકનો અભિગમ ઇતિહાસકારનો કે જીવનચરિત્રકારનો કે સમાજસુધારકનો રહેવા પામતો નથી. એવું નથી કે આ વ્યાજસ્તુતિ ખલનાયક જેવા રામચંદ્ર પૂરતી જ સીમિત રાખી છે. સારા-નરસા બધા પાત્રો માટે આ શૈલીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. લેખકે બીજી પણ એક પરંપરાનો ભંગ કર્યો છે. અહીં કૃતિના નાયક તરીકે જમીનદારોને લડત આપતા કોઈ આદર્શપ્રધાન નાયકનું આલેખન નથી. એક રીતે જોવા જઈએ તો વર્ગસંઘર્ષની બધી જ સામગ્રી ભારોભાર હોવા છતાં એ સંઘર્ષ કેન્દ્રસ્થાને નથી. કૃતિમાં આરંભથી અંત સુધી છવાયેલો રહે છે ખલનાયક, પણ આ પાત્ર અને કથક વચ્ચે કયા પ્રકારનો સંબંધ છે? માની લઈએ કે લેખક અને કથક વચ્ચે એક સાવ પાતળી ભેદકરેખા છે.

નવલકથાની શરૂઆતમાં જ કથક એક જગ્યાએ મંગરાજનું ચરિત્ર આલેખતા કહે છે કે :" ગોવિંદપુર ગામના ૨૭ બ્રાહ્મણોના ઘરને નોતરું આપવામાં આવે. ઘરના બધા લોકો જમવા આવે અને સાંજે છ વાગ્યા પહેલા તો જમવાનું પતી જાય. મંગરાજ જાતે બધાને પીરસે. એક જ વાર પતરાળામાં પૌઆ અને ગોળ જરી સરખા પીરસી મંગરાજ હાથ જોડી મોટેથી પૂછે, ભૂદેવ, બોલો. બીજું કંઈ જોઈએ છે? આપણી પાસે ખાવાનું તો પુષ્કળ છે અને ગોળ પણ ઘણો છે, પણ હું જાણું ને, તમારી આંખો ખૂબ મોટી છે અને પેટ ખૂબ નાના છે! આટલું પણ તમારા માટે તો વધારે છે! તે છતાં કોઈ ભૂખાળવો બ્રાહ્મણ વધારે માંગે તો મંગરાજ બે-ચાર ચપટી પૌઆ તેના પતરાળામાં નાખી દે. તે પછી બ્રાહ્મણો: ભાઈ, ધરાઈ ગયા, બસ ધરાઈ ગયા કહી મોટા ઓડકાર ખાઇ આશીર્વાદ આપી ભાણા પરથી ઉભા થઈ જાય. પાછળથી એક નઉતિ પૌઆ અને અડધોઅડધ ગોળ વધે તે મંગરાજ પ્રેમથી આરોગે." ( પૃ૪ - ૧૮)

આ ગામમાં એક વણિક કુટુંબ રહેતું હતું. જેનું નામ ભાગિયાચંદ હતું તે મુખી ગોવિંદચંદનો દીકરો હતો.

પિતાએ વાઘસિંહ વંશ પાસેથી તેની પડતીના દિવસોમાં મોકાની જમીન લીધી હતી. આ ઉપજાઉ જમીનમાં મબલખ પાક થતો કારણકે ધોવાણનું પાણી આ જમીનમાં જ જતું હતું. પરિણામે આ જમીન પર રામચંદ્રની નજર પડી. અને તેણે ચંપાની મદદથી બંને દંપતિની સંપતિ હડપ કરવાનું કાવતરું રચ્યું. આમ પણ આ મંગરાજે પહેલા પણ વાઘસિંહ વંશની તમામ મિલકત પર નજર નાખી હતી અને કઈ ને કઈ વાતે ઝઘડીને રતનપુરમાં અટકચાળો કરતો. ત્યાંના ખેતરમાં પોતાની ગાયો પહોંચાડી અને ખેડૂતોના ઊભા પાકને તે નુકશાન કરતો. તો ક્યારેક કોઇને જેલભેગા કરવામાં તે બે પૈસાનો ખર્ચ પણ કરતા અચકાતો નહીં. વાઘસિંહ વંશનું વિચ્છેદ કરવામાં મોટો ફાળો પણ આ મંગરાજનો હતો. તેણે આખા ગામ પર ત્રાસ વર્તાવવાનું શરૂ

 ISSN: 2349-6002

કર્યું હતું ત્યારથી જ લોકો તેના પર વેરવૃતિ રાખીને બેઠા હતા.

આ નવલકથામાં આવતા બે મહત્વના પાત્રો ભાગીયા અને સારીયા પતિ-પત્નિ છે. આ વણિક દંપતી પાસે સૌથી ઉપજાઉ જમીન છે. તેમની આ જમીનનો વારસો સંભાળી શકે એવું કોઈ સંતાન એને નથી. તેના પરિવારમાં તેઓ બે જણ અને એક નેત નામની ગાય છે જેના પર સારીયા પોતાનું માતૃત્વ વરસાવે છે. કોઈ સ્ત્રી નિઃસંતાન હોય અને સમાજ એને જે રીતે જોતો એવી રીતે ક્યાંક આ નવલકથામાં સારીયાને પણ લોકો જુએ છે. એક સ્ત્રીની વેદનાને અહીંયા લેખક હૂબહૂ આલેખી શક્યા છે. આ વાતનો લાભ લઇ એક દિવસ ચંપા ભોળી સારિયાને તક મળતા પોતાની વાતમાં ફસાવે છે અને પોતાનું વાંજિયાપણું દૂર કરવા માટે તેને મંગલામાતાનું મંદિર બંધાવી આપવા પોતાની ખેતીની જમીન ગીરવે મૂકવાનું કહે છે. આ તરફ સારિયા પોતે શું કરવું એ જ સમજી શકતી નથી. ચંપા એને વધારે ફસાવવા માટે મંગળામાતાના મંદિરે લઈ જાય છે અને અહીંના પૂજારીની મદદથી તે મૂર્તિની બાજુમાં એક સુરંગ ખોદાવે છે. અહીંયા બેસીને એક વ્યક્તિ સારિયાને ફસાવે છે અને આખી વાતનો સાર આપતા કથક કહે છે કે : " જો સારિયા, મંગળામાતા આ બધાનું મૂળ છે. તેની આજ્ઞાથી પૃથ્વી ચાલે છે, સંસારમાં આવરો-જાવરો થાય છે, તેમની આજ્ઞા કોણ ઉથાપી શકે? કેટકેટલા વ્રતવાર તે કર્યા છે, એટલે તને દેવીની આજ્ઞા થઇ છે, તો ખૂબ નસીબદાર છે, આવું નસીબ કોનું હોય ! એકલા શેઠના ઘર પર એમની કૃપા હતી, હવે તમારા પર પણ થઇ છે. તમે મંગળામાતાનું મંદિર બંધાવી દો." (પૃષ્ઠ - ૮૩)

' મંગળામાતા' નવલકથાનું કેન્દ્ર છે. તેમના નામથી જ ચંપાએ સારિયાને ભોળવી છે. 'છ માણ આઠ ગુંઠા' જમીન મંગરાજના કબજામાં આવી છે. કોઈપણ ગામમાં ગામદેવીની પૂજા એક સાધારણ વાત છે. પુસ્તકમાં મંગળામાતા અને અસુર તળાવ વિશે ઘણી લોકવાયકાઓ છે કે માતા રાતે તળાવમાં ફરવા નીકળે છે. ગ્રામ્ય વિસ્તારમાં દેવદેવી અને સ્થળને લઈને લોકવાયકા એક સામાન્ય વાત છે. આમાં ફકીરમોહનનો લોક-માનસિકતાનો પરિચય મળે છે.

અસુર તળાવ વિશે ઘણી લોકમાન્યતાઓ છે. એ વાતનું વર્ણન કરતાં કથક કહે છે કે : "અસુર તળાવમાં ચાર ઘાટ છે. આમ જુઓ તો ત્રણ જ કહેવાય, કેમ કે દક્ષિણ તરફનો ઘાટ કોઈ વાપરતું નથી. ગામમાં કોઈનું મરણ થાય ત્યારે ક્રિયાકર્મ કરવા માટે આ ઘાટ વપરાય છે. રાત્રે તો ઠીક દિવસે પણ ત્યાં કોઈ ફરકતું નથી. ઘાટ ઉપર એક મોટો વડ છે, તેમાં બે બ્રહ્મરાક્ષસો રહે છે, બધા આ વાત જાણે છે. અડધી રાતે આ બ્રહ્મરાક્ષસોને તળાવમાં પગ લંબાવીને બેઠેલા ઘણાએ જોયા છે. કોણે કોણે જોયા છે તેમના નામ ખબર નથી પણ જોયા છે એ વાત નક્કી અને આ બાજુ ઘણી ચુડેલનો વાસ છે. રાતના અંધારામાં તે બધી અજવાળું કરી માછલી પકડતી હોય છે અને અંધારી વરસાદની રાતે ટોળામાં ફરતી હોય છે ઘણાએ આ નજરે જોયેલું છે." અહીં લેખક આપણા સમાજની અંધશ્રદ્ધાને તાગે છે.

ઓગણીસમી સદીમાં ઓરિસ્સાની બીજી એક વાસ્તવિક છબી 'લલીતાદાસ મહારાજ' નામના પ્રકરણમાં જોવા મળે છે. લલીતાદાસ જેવા ઘણા ઠગ બાબાજી 'હરે કૃષ્ણ' નામનો જપ કરી મરુઆ જેવી ગ્રામીણ સ્ત્રીઓને ભોળવી તેમનું અપહરણ કરીને લઈ જાય છે ત્યારે કથક કહે છે કે જો મરુઆ જાતે જ સાધ્વી બની ગઈ હોય તો આપણે કશું કહી ન શકીએ પરંતુ મરૂઆ ચોરી કરીને ભાગી હોય છે એના પરથી વાચકનો શક હકીકતમાં બદલાય છે. એકવીસમી સદીમાં પણ આવા કિસ્સાઓ જોવા મળે જ છે.

નવલકથામાં નાયક મંગરાજની પ્રકૃતિથી સાવ વિરુદ્ધની પ્રકૃતિ તેની પત્ની ધરાવે છે. તે ઉદારચરિત્ર છે, પણ પતિ પત્ની વચ્ચેના સંવાદ કે વિસંવાદમાં લેખક આપણને લઈ જતા નથી. તેમનું કુટુંબ તો બહોળું છે પણ એમને ન જેવું મહત્વ આપવામાં આવ્યું છે. મંગરાજ પ્રત્યે કથકને તિરસ્કાર છે પરંતુ ક્યાંક ઊંડે ઊંડે છુપી લાગણી કે અનુકંપા પણ છે.

મંગરાજની આસપાસ જે વ્યક્તિઓ છે તેમનાં રેખાચિત્રો આપવામાં આવ્યા છે, એની પાછળનો મુખ્ય આશય તો નાયકના વ્યક્તિત્વને વિકસાવવાનો છે. સાથે સાથે એ સમયનું દસ્તાવેજી ચિત્ર પણ આપણને મળી રહે છે. મંગરાજ કેવી રીતે શિકાર શોધે છે, એને ફસાવે છે એનું સંપૂર્ણ નિરૂપણ જોવું હોય તો જમાદાર શેખ દિલદારમિયાં નામનું પ્રકરણ જોવાનું. ભારતીય મધ્યમવર્ગે ખોટી શાન સાચવી રાખવામાં કેવી બરબાદી નોતરી હતી તે અહીં જોવા મળશે.

નવલકથાનો મુખ્ય રસ કરૂણ છે. સત્યાવીસ પ્રકરણ અને ૧૮૯ પૃષ્ઠની આ નવલકથામાં વાસ્તવદર્શી જીવનનું આલેખન છે. અહી ભગિયા, સારિયા અને મંગરાજની પત્ની જેવાં દયાળુ અને પરોપકારી લોકો છે. મંગરાજની પત્નીની વાત કરતાં લેખક કે છે કે "આ દુનિયામાં તેનું પોતાનું કોઈ હોય તો તે માત્ર આ તુલસી- ક્યારો જ છે." અંતે તેની પત્નીનું મૃત્યુ પણ એ ક્યારા પાસે જ થાય છે. ચંપા, ગોવિંદ, મંગરાજની મોતની સ્થિતિ અને તેની અંતે થતી કફોડી હાલત થથરાવી જાય છે. મંગરજને પોતાનું એકઠું કરેલું ધન પણ અંતે કશા ખપમાં આવતું નથી અને તેની સંપતિ હડપ કરનાર પણ કમોતે જ મરે છે. અને મંગરાજને અંતે પોતે

કરેલા અધમ કૃત્યનો પારાવાર પસ્તાવો થાય છે. જેવાં કર્મો હોય એવું જ ફળ મળે એ વાત આ નવલકથામાં એકદમ સાચી બનીને આવે છે.

તે વખતના સમાજની અનેક ઘટનાઓના આધારે ફકીર મોહને આવી અમર રચનાઓ આપી છે. વાસ્તવિકતા જોડે આદર્શવાદનો બેજોડ નાતો તેમની આ 'છ વીઘા જમીન'માં ઊડીને આંખે વળગે છે. આ કારણે તેમની આ નવલકથામાં આરોપીને કઠોર દંડ આપ્યો છે. મંગરાજે અન્યાય અને અનીતિથી જમીનદારી હાંસલ કરી છે તેને જેલ થાય છે. જેલમાં તેને બીજા કેદીઓ મારે છે, તેના ઉપર હસે છે. અંતમાં તેની સજા તેને મળે છે. તે 'થ - મા - આ - ગું' કહી મૃત્યુ પામે છે. ચંપા પોતાના ખરાબ કર્મના કારણે ગોવિંદના હાથે મરે છે. તેનું નિર્વસ્ત્ર સડેલું શબ નદીના ભાંઠામાં નાખી દેવામાં આવે છે. જ્યાં ગીધડા તેને ચુંથી ખાય છે. અંગ્રેજોની શાસન વ્યવસ્થામાં પ્રાચીન ભારતનો પંચ કાયદો નકામો બની ગયો. કથકના શબ્દોમાં કહીએ તો : "જ્ઞાતિમાં કોઇ કંઇ આડુંઅવળું કામ કરે તો પંચ તેને દંડ કરે, નાત બહાર કરે. કોઇ ગરીબ જ્ઞાતિભાઈ દંડ ભરી ન શકે તો પંચ પરમેશ્વર તેને માફ કરી દે અને નજીવી રકમ લઇને નાતમાં પાછો લઈ લે. રૂપિયા જ્ઞાતિના પ્રમુખો પાસે જમા રહે. આ પૈસાથી આ મંદિર બન્યું છે. આ બધા નિયમો હાટ બજારમાં વેચવા આવતા જાતિના લોકોમાં છે. પણ ઓહ! દુઃખની વાત એ છે કે આ સુંદર પ્રથા ધીમે ધીમે લોપ પામી રહી છે. આજકાલ તો અદાલતના દ્વાર ખુલ્લા છે, લોકો જાગ્રત બન્યા છે. પંચની વાત કોણ માને?" 'વકીલ રામલાલા' નામના પ્રકરણમાંથી વકીલોના કામકાજ અને શોષણ પ્રક્રિયાનો પરિચય મળે છે. એકવીસમી સદીમાં પણ બધી કચેરીઓમાં આવા દ્રશ્યો જોવા મળે છે.

આ કૃતિમાં નિરુપિત જમીનદારીપ્રથા ભલે આજે નાબૂદ થઇ હોય, શોષણનીતિ તો અનેકગણી માત્રામાં હજુ ચાલુ જ છે. માનવના મૂળભૂત મૂલ્યોની દિશામાં સર્જક આપણને લઇ જવા માંગે છે એ હકીકત પણ કૃતિને ચરિતાર્થ કરી બતાવે છે. 'જેવા કર્મો તેવાં ફળ' એ કહેવત પણ અહીંયા સાર્થક થતી અનુભવાય છે. કેમકે કૃતિના અંતે દરેક પાત્રને તેમનાં કરેલાં કર્મોનું ફળ મળે જ છે.

અંતમાં મંગરાજને પસ્તાવો થાય છે અને તે પતિતપાવન પ્રભુને શરણે જઇ પ્રભુનું નામ રટણ કરે છે અને તેનો આત્મા આકાશમાંની તેજસ્વી, શાંતિમયી મૂર્તિ તરફ આગળ વધે છે. આ પરથી લેખકની એ શ્રધ્દ્વા પ્રગટ થાય છે કે ખરાબમાં ખરાબ વ્યક્તિનું પણ હૃદય પરિવર્તન થાય છે. ફકીરમોહન પાપને નફરત કરતા પણ પાપીને નહિ, માટે જ પાપીને માફ કરવામાં એમના હદયમાં જરીયે ક્ષોભ ન હતો.

ફકીરમોહન એક માનવતાવાદી લેખક છે. તેઓ જાણતા હતા કે, માણસ પ્રકૃતિથી દોરવાય છે. લોભ, મોહ, માયા જેવી પ્રવૃત્તિથી મુક્ત નથી થઈ શકતો. જ્યારે ક્રૂરતા આચરનાર પાત્રને એવી જ દંડનીય સજા મળે છે ત્યારે વાચકનું મન શાતા અનુભવે છે. આવા ચરિત્રને ઉચિત દંડ અપાવી સર્જક માનવતાની કદર કરે છે. આ સર્જક જે રીતે માણસના ગુણની પ્રશંસા કરે છે તે જ રીતે દુર્ગુણની તેઓ નિંદા પણ કરે છે.